INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૨૬-૦૯-૨૦૨૩

'હાથથી હાથ જોડો' અભિયાન માટેના નવનિયુક્ત હોદેદારશ્રીઓને નિમણુંક કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષના નેતા આદરણીયશ્રી રાહુલ ગાંધીજી કન્યા કુમારીથી કાશ્મિર સુધી 4000 કિ.મી. થી વધુની ભારત જોડો પદયાત્રા કરી હતી. જેના ભાગરૂપે સમગ્ર દેશમાં હાથ સે હાથ જોડો થકી છેવાડાના લોકો સુધી પહોંચવાનું અભિયાન હાથ ધર્યું હતું. અહંકારી ભાજપ સરકારના કારણે જનતા તમામ ક્ષેત્રે પીસાઇ રહી છે. અસહ્ય મોંઘવારી, ભયમુક્ત ભ્રષ્ટાચાર, ભયંકર બેકારી, ગુનાખોરી, કાળાબજારી, કાયદાનો બેફામ રીતે દુરુપયોગ, શિક્ષણમાં મનફાવે તેવા પ્રયોગો કરીને શાળા-કોલેજના વિધાર્થીઓના ભવિષ્યને અંધકારમાં લઇ જવું, મહિલાઓની અસલામતી, નોકરીયાત અને ધંધાદારીઓ પર કમરતોડ ટેક્સ, પ્રેસ અને પત્રકારોને ડરાવી ધમકાવીને દમન કરવું, ખેડૂતોની આત્મહત્યાઓ, ગરીબીમાં વધારો સહિતની મુશ્કેલીઓમાં દેશનો સામાન્ય-મધ્યમ વર્ગનાં લોકો હાલાકીનો સામનો કરી રહ્યા છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી સિધ્ધાર્થભાઇ પટેલે જણાવ્યું હતું કે, "હાથ સે હાથ જોડો" અભિયાનનો અર્થ છે કે આપણે કોંગ્રેસના તમામ કાર્યકરોએ હાથમાં હાથ મીલાવી તાલમેળથી ભાજપની અણઘડ નીતિઓ અને ભ્રષ્ટાચારને લોકો સમક્ષ ઉજાગર કરવામાં આવશે.

'હાથ સે હાથ જોડો'ના પ્રદેશ કન્વીનરશ્રી ઈન્દ્રનીલ રાજગુરુએ જણાવ્યું હતું કે, ભાજપ સરકાર પોતાની નિષ્ફળતાને ઢાંકવા નકલી જુઠ્ઠા વિકાસનો ઢોલ વગાડ્યા કરે છે. વિદેશોમાં જુઠ્ઠો પ્રચાર કરે છે અને દેશ વિકાસ કરી રહ્યો છે તેવા ખોટા બણગા ફૂંકે છે. નિર્દોષ પ્રજાને સામ, દામ, દંડ અને ભેદની નિતીથી દબાવી રાખી છે. લોકોને મુખ્ય મુદ્દાઓથી ધ્યાન ભટકાવવા ભાજપ સરકાર નિતનવા હથકંડા અપનાવે છે,ત્યારે લોકોને સાચો સત્યનો રસ્તો બતાવવાનો છે.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષભાઇ પરમારે જણાવ્યું હતું કે 'હાથ થી હાથ જોડો' અભિયાનમાં આપણે સૌએ તન-મનથી જોડાઇને બને તેટલા વધુ કાર્યકર્તા-લોકોને જોડવાના છે. આવનાર લોકસભાની ચૂંટણી માટે 'હાથથી હાથ જોડો' અભિયાન ખૂબ મહત્વની સાબિત થશે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત હાથથી હાથ જોડો અભિયાન માટે હોદ્દેદારોશ્રીઓની નિમણુંક-સંવાદ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, પ્રદેશ મીડિયા કન્વીનર અને પ્રવક્તાશ્રી ડૉ. મનીષ દોશી સહિત મોટી સંખ્યામાં હાથ થી હાથ જોડો અભિયાનના નવનિયુક્ત અધિકારીઓ, કાર્યકરો કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયા હતા.

હિરેન બેંકર

(હિરેન બેંકર)
પ્રવક્તા